# ઑન્ટેરિયોનું સર્જન કરે છે

## પ્રાંત શરદ કાલીન આર્થિક નિવેદન જાહેર કરે છે

TORONTO — આજે, નાણા મંત્રી પીટર બેથલેનફાલ્વીએ ઑન્ટેરિયોની આર્થિક રૂપરેખા અને રાજકોષીય સમીક્ષા - 2021: ઑન્ટેરિયોનું સર્જન કરે છે જાહેર કરી. *ઑન્ટેરિયોનું સર્જન કરે છે* અતિ મહત્વના માળખા માટે પાયાના પથ્થર મુકી, વધારાનું રોકાણ લાવી, અને ઓટો મેન્યુફેક્ચરિંગ અને અન્ય ઉદ્યોગોમાં નેતૃત્વ પુનર્સ્થાપિત કરીને સરકાર કેવી રીતે ઑન્ટેરિયોની પુનઃપ્રાપ્તિ અને સમૃદ્ધિ નો પાયો તૈયાર કરશે તે આ યોજના દર્શાવે છે. આ યોજના કોવિડ-19 રોગચાળા સામે ઑન્ટેરિયોની પ્રગતિ પણ સુરક્ષિત કરે છે.

મંત્રી બેથલેનફાલ્વીએ જણાવ્યું હતું કે, "રોગચાળા સામે મહામહેનતે જીતેલી પ્રગતિનું રક્ષણ કરવાનું અમે ચાલુ રાખીએ છીએ, તે સાથે અમારી સરકારની નજર ઑન્ટેરિયોમાં પરિવારો, કામદારો અને વ્યવસાયો માટે વધુ સારું અને ઉજ્જવળ ભવિષ્ય બનાવવાની અમારી યોજના પર છે. "ઉત્તરમાં નિર્ણાયક ખનિજોની ખાણ ખોલી, આપણી ઉત્પાદન ક્ષમતાનો ઉપયોગ કરી અને નિર્ણાયક ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરી, અમારી યોજના આપણી આર્થિક પુનઃપ્રાપ્તિ અને સમૃદ્ધિ માટે આપણા પ્રાંતના દરેક ક્ષેત્રને દોરી જશે."

પ્રગતિનું રક્ષણ કરવા: -સરકાર પાસે એક આરોગ્ય અને લાંબા ગાળાની સંભાળ પ્રણાલી બનાવવાની યોજના છે જે એવી ગુણવત્તાસભર સંભાળ પૂરી પાડે છે કે તેને માટે આપણાં પ્રિયજનો લાયક છે.

સમાવિષ્ટ વિશેષતાઓ:

- આરોગ્ય અને લાંબા ગાળાની સંભાળ માટેનું કાર્યદળ મજબૂત કરવા, 5,000 થી વધુ નવા અને ઉચ્ચ કૌશલ્યપ્રાપ્ત નોંધાયેલ નર્સ કર્મચારીઓ તથા રજિસ્ટર્ડ પ્રેક્ટિકલ નર્સો તેમજ 8,000 વ્યક્તિગત સહાયક કાર્યકરોને ઉમેરવા માટે, 2021-22 થી શરૂ કરીને, ઑન્ટેરિયો 342 મિલિયન ડૉલરનું રોકાણ કરી રહ્યું છે. વધુમાં, ઑન્ટેરિયો લાંબા ગાળાની સંભાળ ક્ષેત્રે 225 નર્સ પ્રેક્ટિશનરોની નિમણૂક કરવા માટે, 2022-23 થી શરૂ કરીને, 57.6 મિલિયન ડૉલરનું રોકાણ કરી રહ્યું છે.
- હોસ્પિટલમાં દાખલ થયેલા દર્દીઓને, જ્યાં તેઓને સૌથી વધુ આરામ મળી રહે ત્યાં, ઘરે તેમની પુનઃપ્રાપ્તિ અને પુનર્વસન ચાલુ રાખવામાં મદદ કરવા, પ્રાંત ત્રણ વર્ષના ગાળામાં ઘર અને સામુદાયિક સંભાળને વિસ્તૃત કરવા માટે વધારાના 548.5 મિલિયન ડૉલરનું રોકાણ કરી રહ્યું છે. આ ભંડોળ દર વર્ષે 28,000 પોસ્ટ-એક્યુટ સર્જિકલ દર્દીઓ અને 21,000 જટિલ આરોગ્ય સ્થિતિવાળા દર્દીઓને સહાય કરશે.
- સમગ્ર પ્રાંતમાં આરોગ્ય અને લાંબા ગાળાની સારવાર આપતા કર્મચારીઓના માનસિક સ્વાસ્થ્ય અને સુખાકારીને સહાય કરવા, હાલના અને વિસ્તૃત માનસિક સ્વાસ્થ્ય અને વ્યસનો માટે ઝડપી સહાય મેળવવાનું રાખવા માટે સરકાર 2021-22 થી શરૂ થતા બે વર્ષમાં 12.4 મિલિયન ડૉલરનું રોકાણ કરી રહી છે.
- લાંબા ગાળાની સંભાળ માટેના નિવાસીઓની સલામતી સુનિશ્ચિત કરવા, 2022-23 સુધીમાં સમગ્ર પ્રાંતમાં નિરીક્ષકોની સંખ્યા બમણી કરવા સહિત અમલીકરણ ક્ષમતા વધારવા માટે ત્રણ વર્ષમાં સરકાર વધારાનું 72.3 મિલિયન ડૉલરનું પ્રાવધાન કરી રહી છે. આને લીધે ઑન્ટેરિયોના નિરીક્ષક અને લાંબા ગાળાના સંભાળ આવાસો વચ્ચેનો ગુણોત્તર કેનેડામાં સૌથી વધુ થશે.

ઑન્ટેરિયોનું સર્જન કરવા: હાઈવે, હોસ્પિટલ, હાઉસિંગ અને હાઈ-સ્પીડ ઇન્ટરનેટ માટે શિલાન્યાસ કરી ઑન્ટેરિયોનું ભવિષ્ય બનાવવાની સરકારની યોજના છે. આ રોકાણો સહિત, સરકાર આપણી આરોગ્ય સંભાળની ક્ષમતા વિસ્તૃત કરશે, ઑન્ટેરિયોના ઉત્તરમાં મહત્વપૂર્ણ ખનિજ સંસાધનો મળવી આપશે અને વાહનચાલકોનો ટ્રાફિકજામમાં બગડતો સમય ઘટાડશે જેથી તેઓ મિત્રો અને પરિવાર સાથે વધુ સમય પસાર કરી શકે.

સમાવિષ્ટ વિશેષતાઓ:

- ઑન્ટેરિયોના હાઈવે અને પુલોના નિર્માણ, વિસ્તરણ અને સમારકામ કરવા, નોકરીઓનું સર્જન કરવા અને આર્થિક વૃદ્ધિને વેગ આપવા, સરકારે ઑન્ટારિયો હાઈવેઝ પ્રોગ્રામ (Ontario Highways Program) ના સમર્થનમાં 2021-22 માટે અંદાજે 2.6 બિલિયન ડૉલરનું રોકાણ કર્યું છે, જેમાં 580 થી વધુ બાંધકામ, વિસ્તરણ અને પુનર્વસન ની પરિયોજનાઓ છે. આ હાઈવેઝ પ્રોગ્રામના એક ભાગરૂપ, Bradford બાયપાસ અને હાઇવે 413 બનાવવા અને આગળ ધપાવવા માટેનું ભંડોળ પૂરું પાડવા સરકારે પ્રતિબદ્ધતા આપી દીધી છે.
- નોકરીઓનું સર્જન કરવા, નિર્ણાયક ખનિજોની ખાણ ખોલવા કરવા અને ઑન્ટેરિયોની ઉત્તરમાં આર્થિક સમૃદ્ધિ લાવવા માટે ઉત્તરીય અને ફર્સ્ટ નેશન સમુદાયો સાથે ભાગીદારીમાં કામ કરીને, પ્રાંતે સર્વઋતુ રોડ નેટવર્કના આયોજન અને નિર્માણ તેમજ અન્ય પરિયોજનાઓને ટેકો આપવા લગભગ 1 બિલિયન ડૉલરની પ્રતિબદ્ધતા દર્શાવી છે, જે દૂરસુદૂર ઉત્તરમાં દૂરસ્થ આદિવાસીઓ (First Nations) માટે સમૃદ્ધિ લાવવા કોરિડોર પ્રદાન કરશે. કેનેડા સરકારે એક પગલું આગળ વધીને આ નિર્ણાયક પરિયોજનામાં ઑન્ટેરિયોની પ્રતિબદ્ધતાઓ સરખેસરખી વહેંચવી જોઈએ.
- ઓન્ટેરિયો સમુદાય માળખાકીય ભંડોળ કાર્યક્રમ (Ontario Community Infrastructure Fund program) માં પોતાના વાર્ષિક રોકાણ બમણા કરીને મહાનગરપાલિકાઓ દ્વારા વ્યક્ત કરવામાં આવતી જરૂરિયાતને ઓન્ટેરિયો પ્રતિસાદ આપી રહ્યું છે. 424 નાના, ગ્રામીણ અને ઉત્તરીય સમુદાયોને નિશ્ચિતતા અને અનુમાન પ્રદાન કરવા 1 બિલિયન ડૉલરનું આ વધારાનું બહુ-વર્ષીય રોકાણ 2021-22માં શરૂ થતા આગામી પાંચ વર્ષમાં કુલ રોકાણને લગભગ $2 બિલિયન પર લાવશે, જેથી તેઓ રસ્તાઓનું નિર્માણ અને સમારકામ અને પુલ, અને પાણી અને મલીન જળનું માળખું તૈયાર કરી શકે.
- 2025 ના અંત સુધીમાં ઑન્ટેરિયોના તમામ પ્રદેશોને સસ્તું, વિશ્વસનીય હાઇ-સ્પીડ ઇન્ટરનેટ મેળવી આપવા માટે, પ્રાંતે છ વર્ષમાં લગભગ 4 બિલિયન ડૉલરની ઐતિહાસિક પ્રતિબદ્ધતા આપી છે.
- દાયકાઓની અવગણના દૂર કરવા અને લાંબા ગાળાની સંભાળ મેળવવાની રાહ જોઈ રહેલા લોકોને મદદ કરવા, લાંબા -ગાળાની સંભાળ માટે વધારાની 10,000 તદ્દન નવી પથારીઓ બનાવવા અને હાલની 12,000 પથારીઓ આધુનિક ડિઝાઇન ધોરણો પ્રમાણે ઉચ્ચકક્ષાની કરવા માટે, 2024-25થી શરૂ કરીને, ઑન્ટેરિયો વધારાના 3.7 બિલિયન ડૉલરના રોકાણની યોજના કરે છે. આનાથી 2019 ના વસંતથી લઈને કુલ રોકાણ 6.4 બિલિયન ડૉલર થઈ જશે - એક ઐતિહાસિક રોકાણ જે 2028 સુધીમાં સમગ્ર પ્રાંતમાં 30,000 થી વધુ તદ્દન નવી પથારીઓ અને લગભગ 28,000 ઉચ્ચકક્ષાની લાંબા ગાળાની સંભાળ પથારીઓના લક્ષ્ય તરફ દોરી જશે.
- સ્વાસ્થ્ય સંભાળ વ્યવસ્થા પર વધતી જતી માંગને પહોંચી વળવા, ઑન્ટારિયો આગામી 10 વર્ષોમાં હોસ્પિટલોના નિર્માણ, વિસ્તરણ અને વૃદ્ધિ માટે 30.2 બિલિયન ડૉલરનું રોકાણ કરી રહ્યું છે, જે લોકોને પોતાના સમુદાયમાં જોઈતી સંભાળ મળી શકે તે સુનિશ્ચિત કરવા માટેની એક ઐતિહાસિક પ્રતિબદ્ધતા છે.

કામદારો માટે કામ કરવા: સરકાર કામદારોને હરીફાઈમાં ટોચ પર રાખવા ઇચ્છે છે, નહીં કે સ્પર્ધાના તળિયે. આ જ કારણે ન્યૂનતમ વેતન વધારવાની દરખાસ્ત કરીને, કામદારો નવા કૌશલ્યો શીખી શકે તે માટે ભંડોળ પૂરું પાડીને, અને સારા પગારવાળી નોકરીઓનું સર્જન કરવા માટે મહત્વપૂર્ણ ખનિજો, ઓટોમોટિવ ઉત્પાદન અને અન્ય ઉદ્યોગોમાં રોકાણ લાવીને ઑન્ટેરિયોના કામદારોને પગભર કરવાની યોજના સરકાર પાસે છે.

સમાવિષ્ટ વિશેષતાઓ:

- કામદારોને સહાય કરવા જાન્યુઆરી 1, 2022 થી અમલી થતા, સામાન્ય લઘુત્તમ વેતનને 15 ડૉલર પ્રતિ કલાક સુધી વધારવા અને લીકર સર્વર માટેના વિશેષ લઘુત્તમ વેતન દરને નાબૂદ કરવા તેને સામાન્ય લઘુત્તમ વેતન સુધી વધારવાની સરકાર  દરખાસ્ત કરી રહી છે.
- જવાબદારીપૂર્વક મેળવેલા અતિમહત્વપૂર્ણ ખનિજો માટેના ઉત્તર અમેરિકાના મુખ્ય પ્રધાનોના અધિકારક્ષેત્રોમાંના એક તરીકે ઑન્ટેરિયોની સ્થિતિને મજબૂત કરવા માટે, પ્રાંતે તેની અતિમહત્વપૂર્ણ ખનિજો માટે ની પ્રથમ વ્યૂહરચના (Critical Minerals Strategy) વિકસાવવાની યોજના જાહેર કરી છે. પ્રાંતમાં અતિમહત્વપૂર્ણ ખનિજોની વિપુલતા નવી વિદ્યુત વાહન ટેક્નોલૉજી જેવામાં  રોકાણો સુરક્ષિત કરવામાં અને ઑન્ટેરિયોના કામદારો માટે નવી તકો ઊભી કરવામાં મદદ કરશે.
- ઓટોમોટિવ ક્ષેત્રમાં નોકરીઓનું રક્ષણ કરવા અને સર્જન કરવા, પ્રાંતે વિદ્યુત વાહન પુરવઠા શૃંખલાની ક્ષમતા માટે મોટા ઓટો ઉત્પાદકો પાસેથી 5.6 બિલિયન ડૉલરના રોકાણની પ્રતિબદ્ધતાઓ હસ્તગત છે.
- રોકાણ અને પુરવઠા શૃંખલાના પડકારો માટે વધતી જતી સ્પર્ધાને નાથવા, ઑન્ટેરિયો બે વર્ષ માટે એક નવા પ્રાંતવ્યાપી 40 મિલિયન ડૉલરના અત્યાધુનિક ઉત્પાદન અને નવીનીકરણ માટેની સ્પર્ધાત્મકતા (Advanced Manufacturing and Innovation Competitiveness) ના પ્રવાહનું  નિર્માણ કરી રહ્યું છે, જે પ્રાદેશિક વિકાસ કાર્યક્રમ (Regional Development Program) નો જ એક ભાગ છે.
- કામદારોને સારી નોકરી મેળવવામાં મદદ કરવા, 2021-22થી શરૂ થતા ત્રણ વર્ષમાં કૌશલ્યસભર રોજગારીની વ્યૂહરચના (Skilled Trades Strategy) માં ઑન્ટેરિયો વધારાના 90.3 મિલિયન ડૉલરનું રોકાણ કરી રહ્યું છે. કૌશલ્યયુકત રોજગારીની કારકિર્દી માટેનો એક મેળો કરવા સહિત ઑન્ટેરિયો યુવા તાલીમાર્થી કાર્યક્રમ (Ontario Youth Apprenticeship Program)  અને પૂર્વ-તાલીમ પ્રશિક્ષણ કાર્યક્રમ Pre-Apprenticeship Training Program) ને સઘન કરવાનો મુખ્ય નવી પહેલોમાં સમાવેશ થાય છે.
- કામદારો માટે વધુ પ્રશિક્ષણની તકો પૂરી પાડવા, સરકાર ઑન્ટેરિયો Ontario Jobs Training Tax Credit  (રોજગારી પ્રશિક્ષણના જમા કરાતા કર) ને 2022 સુધી લંબાવવાની દરખાસ્ત કરી રહી છે. અંદાજે 275 મિલિયન ડૉલરની સહાય આશરે 240,000 લોકોને, અથવા સરેરાશ 1,150 ડૉલર, આ 2022 સુધી લંબાવેલ જમા થતી કરરાશિ આપશે.
- નોકરી મેળવવા માટે તાલીમની જરૂર હોય તેવા કામદારોની સહાયમાં,  બીજી કારકિર્દી કાર્યક્રમ (Second Career program) ને વિસ્તૃત કરવા માટે પ્રાંત 2021-22માં વધારાના 5 મિલિયન ડૉલરનું રોકાણ કરી રહ્યું છે.
- પ્રવાસન અને અતિથિસેવાના ક્ષેત્રોને પોતાના પુનરુત્થાનમાં મદદ કરવા અને ઑન્ટેરિયોના પરિવારોને પ્રાંતમાં નવી જગ્યાઓ ખોળવા માટે પ્રોત્સાહન આપવા, સરકાર 2022 માટે નવી હંગામી ઑન્ટેરિયો Ontario Staycation Tax Credit  (સ્ટેકેશન ટેક્સ ક્રેડિટ) ની દરખાસ્ત કરી રહી છે. ઑન્ટેરિયો પ્રાંતમાં નવી જગ્યાઓની શોધ વધારવા માટે દોઢ મિલિયન પરિવારોને સહાય કરવા આ ક્રેડિટ અંદાજે 270 મિલિયન ડૉલર પ્રદાન કરશે.

- ઑન્ટેરિયોના કામદારોને શોષણ અને મજૂરોની હેરફેરથી બચાવવા માટે, કામચલાઉ નોકરી આપતી એજન્સીઓ અને સ્થળાંતરિત કામદારોની ભરતી કરનારાઓની ધ્યાનલક્ષી તપાસ હાથ ધરવા અધિકારીઓની એક સમર્પિત ટીમને સમર્થન આપવા સરકાર 2021-22માં 1.1 મિલિયન ડૉલરનું રોકાણ કરી રહી છે. આ પૂર્વગામી કાર્યક્રમ કેટલાક અત્યંત સંવેદનશીલ અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા કામદારોને સુરક્ષિત કરવામાં મદદ કરશે.

"જે ગુણો આપણા રાજ્યએ રોગચાળાના સૌથી ખરાબ દિવસો દરમિયાન જોયા છે તે - ઑન્ટારિયોના લોકોનો જુસ્સો- આપણને વધુ ઉજ્જવળ, વધુ સમૃદ્ધ ભવિષ્ય દર્શાવશે." મંત્રી બેથલેનફાલ્વીએ જણાવ્યું ,"અમારી સરકાર પાસે એક જવાબદાર અને સમજદાર યોજના છે જે વૃદ્ધિ દ્વારા સંચાલિત આર્થિક અને રાજકોષીય પુનઃપ્રાપ્તિના સંજોગો તૈયાર કરે છે. આપણે જે પ્રગતિ કરી છે તેનું રક્ષણ કરવા, ભવિષ્યનું નિર્માણ કરવા અને જેઓ આ બધું કરી શકે છે તેવા કામદારો માટે કામ કરવાની આ યોજના છે."

### *હકીકતોનો સારાંશ*

- *ઑન્ટેરિયોની આર્થિક રૂપરેખા અને રાજકોષીય સમીક્ષા - 2021: બિલ્ડ ઑન્ટેરિયો* એ રોગચાળો શરૂ થયો ત્યારથી સરકારની સાતમી સૌથી છેલ્લી નાણાકીય યોજના છે, જે આ અનિશ્ચિત આર્થિક સમયગાળા દરમિયાન પણ, ઑન્ટેરિયોની સૌથી છેલ્લી નાણાકીય બાબતો નિયમિત પ્રદાન કરતા રહેવાની સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે તે આર્થિક વૃદ્ધિ દ્વારા સંચાલિત પુનઃપ્રાપ્તિ માટેની સરકારી યોજનાનો એક ભાગ છે.
- ઓન્ટારિયોની અર્થવ્યવસ્થાનું COVID-19 રોગચાળાની અસરોમાંથી પુનરુત્થાન થઈ રહ્યું છે અને તે વૃદ્ધિ ચાલુ રાખવા માટે તૈયાર છે. 2021-22 માટે, સરકાર 21.5 બિલિયન ડૉલરની ખાધનો વર્તારો કરી રહી છે, જે *2021 ના બજેટ* માં પ્રકાશિત અંદાજ કરતાં 11.6 બિલિયન ડૉલર ઓછી છે. આ સુધારો મજબૂત આર્થિક વૃદ્ધિની રૂપરેખા પ્રતિબિંબિત કરે છે, તેમજ પ્રાંતના નાણાકીય હાલત ઉપર કોવિડ-19 ની અસર વિશેની વર્તમાન માહિતી પર વધુ પ્રકાશ પાડે છે.
- મધ્યમ સમયગાળા દરમિયાન, સરકાર 2022-23માં 19.6 બિલિયન ડૉલર અને 2023-24માં 12.9 બિલિયન ડૉલરની સતત ઘટતી જતી ખાધનો વર્તારો કરે છે, જે બજેટ 2021માં રજૂ થયેલા અંદાજની તુલનામાં અનુક્રમે 8.1 બિલિયન ડૉલર અને 7.2 બિલિયન ડૉલરનો સુધારો સૂચવે છે.
- કોવિડ-19 રોગચાળા સાથે સંકળાયેલી અનિશ્ચિતતા જોતાં, જ્યાં તેની સૌથી વધુ જરૂર હોય ત્યાં જ સંસાધનોને રોકવાની સુગમતા જાળવવાનું પ્રાંત ચાલુ રાખે છે અને કોવિડ-19 માટે મર્યાદિત સમયના ભંડોળ (COVID-19 Time-Limited Funding) દ્વારા વધુ પુનઃપ્રાપ્તિની પહેલને સમર્થન આપે છે.

### *વધારાના સંસાધનો*

- આપણી પ્રગતિનું રક્ષણ કરે છે
- ઑન્ટેરિયોનું સર્જન કરે છે
- કામદારો માટે કામ કરે છે
- નાણાકીય અને રાજકોષીય રૂપરેખા
- મંત્રીનું નિવેદન વાંચો